જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૨/૨૦૧૮ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૯૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૫૩ લીટર દેશી દારૂ, ૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૯૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## લુંટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૯૩/૧૮

**ખોખરાઃ** રશ્મીબહેન ડો/ઓ કિર્તીકુમાર મહેતા (ઉ.વ.૨૩) (રહે. સીટી સેન્ટર હોમ્સ એન્ડ આરકેડ, એસઆરપી કેમ્પ પાસે રૂદ્રાક્ષ હોસ્પિટલ પાછળ નરોડા પાટીયા) તા.૨૫/૨/૧૮ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે ખોખરા ઓશિયા મોલની સામે અંબિકાબ્રીજ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ ત્રણ પુરૂષ રશ્મીબહેનના એક્ટીવામાં પગ મુકવાની જગ્યાએથી પર્સ લુંટ કરી નાસી ગયા હતા જે પર્સમાં મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૫,૫૦૦/-, સોનાનું પેંડલ કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ રશ્મીબહેન મહેતાએ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.પરમાર ચલાવે છે.

## સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૩૯૪/૧૮

**માધવપુરાઃ** ભારતીબહેન વા/ઓ પ્રમોદભાઈ સુથાર (ઉ.વ.૫૦) (રહે. કોટીયાર્ક સોસાયટી માલપુર રોડ તા.મોડાસા જી.અરવલ્લી) તા.૨૫/૨/૧૮ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાની પુત્રી સાથે એક્ટીવા પાછળ બેસી પ્રેમ દરવાજા બહાર કટારીયા શો-રૂમ નજીક જમનાબહેનની ચાલી આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભારતીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભારતીબહેન સુથારે માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.ચાવડા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૯૫/૧૮**

**સાબરમતીઃ** હમીરભાઇ રામસીભાઇ પટેલ (રહે. આકાશ રેસીડેન્સી માણકી સર્કલ ન્યું રાણીપ સાબરમતી) એ તા.૨૪/૨/૧૮ સવારના ૧૦/૦૦ વાગે રહેણાંકના પાર્કિંગમાં પોતાની હુન્ડાઈ કંપનીની હુન્ડાઈ આઈ-૧૦ કાર નંબર જીજે૦૧ આરવી ૦૬૭૯ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ હમીરભાઈ પટેલે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૩૯૬/૧૮**

**સરખેજઃ** બળદેવભાઇ સોમાભાઇ રાવળ (ઉ.વ.૪૫) (રહે. બ્રહ્માણી માતાજીના મંદીરની બાજુમા રાવળ વાસ સનાથલ સાંણદ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બળદેવભાઈ રાવળના પત્ની ગૌરીબહેન (ઉ.વ.૩૭) તા.૨૪/૨/૧૮ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સરખેજ સનાથલ સર્કલથી ઉજાલા સર્કલ તરફના રોડ ઉપર સનાથલ બ્રીજ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ગૌરીબહેનને ગંભ્યીર ઈજઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.સી.મકવાણા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૯૭/૧૮**

**ચાંદખેડાઃ** વિશાલ ઉર્ફે સંજુ વસંતભાઇ દોશી (ઉ.વ.૩૦) (રહે. સુખસાગર સોસાયટી કેના કોમ્પ્લેક્ષની બાજુમા મોટેરા ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૧૮ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણવિરસિંહ હથીસિંહ ચલાવે છે.

**નારોલઃ** રીયા ડો/ ઓ શીવશંકર શ્રીમાળી (ઉ.વ.૧૬) (રહે. ગણેશભુમી સોસાયટી ગેબનશાહપીર વટવા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૧૮ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટઃ** મયુરભાઇ પુનમભાઇ પટણી(ઉ.વ.૨૨) (રહે. કાનજીની ચાલી વિક્રમમીલની પાછળ સરસપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૧૮ બપોરના ૧૨/૧૫ વાગ્યા પહેલા સુભાષબ્રીજ નારણઘાટ નીચે વોક વે નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેંદ્રસિંહ કાળુભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.